## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ના સાહેબ, અમારી પાસે ક્યાં ભણતર જમીન મકાન એવું કાંઈ છે કે અમે બસ બાળી અનામત માંગીએ... અમે તો આમાં બાળવા લાકડા નહીં હોય ત્યારે સીધા તમને જ...!!

### વિવિધ જિલ્લાના ૨૭ વિભાગોમાં ફરીને ૨૫૧ વ્યક્તિઓ પાસેથી યુવતીએ ૨.૮૪ લાખ ખંખેર્યા

# ગાંધીનગરની કચેરીઓમાં ઈમોશનલ બનીને ચુનો લગાવતી યુવતી..!

**પિતા કેન્સરગ્રસ્ત હોવાથી ઓપરેશન માટે સાડા ચાર લાખની તાત્કાલિક જરૂર હોવાનો લેટર લઈને સચિવાલયમાં ફરતી યુવતી ૧૮ વર્ષ પહેલા પણ આ જ બિમારીના બહાને રૂપિયા ખંખેરતા પકડાઈ હતી..! : અગાઉ યુવતીના ઈમોશનલ સ્ટોરીનો ભોગ બની ચુકેલા કર્મચારી પાસે ૧૮ વર્ષ બાદ તે જ યુવતી આવીને ઉઘરાણુ કરવા ગઈ ને કર્મચારી ઓળખી ગયા**


ગાંધીનગર, તા. ૨૪

જુના સચિવાલયના આરોગ્ય વિભાગ (આયુર્વેદ)ના એક અધિકારી સુધી પહોંચેલી યુવતીએ પિતાના કેન્સરની સારવાર માટે રૂપિયાની તાતી જરૂરિયાત હોવાનો મુંબઈના એક હોસ્પિટલનો લેટર બતાવી પોતાની ઈમોશનલ સ્ટોરી કહી દીધી..! વિભાગમાં પ્રતિનિયુક્તી પર નોકરી કરતા સેવાભાવી કર્મચારીને અધિકારીએ બોલાવ્યા ને કહ્યું કે આ યુવતીને રૂપિયાની ખુબ જરૂર છે તમે ક્યાંકથી મદદ કરે તેવી વ્યક્તિઓ શોધી યુવતીને મદદરૂપ બનો..! કર્મચારી તે યુવતીને જોઈને સ્તબ્ધ થઈ ગયા ..! યુવતી કાંઈ બોલે તે પહેલા તો યુવતીનું નામ-ઠામ અને તેના પિતાને કેન્સર છે તે સહીતની સ્ટોરી કર્મચારી નરેન્દ્રભાઈ રાવલે કહી દીધી..! નરેન્દ્રભાઈને બરોબર આ યુવતી યાદ રહી ગઈ હતી કેમ કે અગાઉ ૧૮ વર્ષ પહેલા આ જ યુવતી આ જ બહાના સાથે તેમની પાસે આવી હતી અને તેમણે આસપાસમાં બધાને મળીને એક જ દિવસમાં રૂ. ૬૨,૮૦૦ ભેગા કરી આપ્યા હતા ને ત્રણ દિવસ બાદ તે યુવતી છેતરપીંડી કરતી હોવાના અહેવાલ અખબારોમાં છપાયા હતા..!

આજે સચિવાલયમાં એક લેટર અને દાનની રકમનું લીસ્ટ લઈને ફરતી યુવતી આરોગ્ય વિભાગમાં ગઈ ત્યારે ૧૮ વર્ષ પહેલા તે જ યુવતીથી છેતરાઈ ચુકેલા કર્મચારી નરેન્દ્રભાઈ રાવલ તેને ઓળખી ગયા હતા. યુવતીને અધિકારીએ સાંભળી અને ઈમોશનલ બની ગયા બાદ કર્મચારી નરેન્દ્રભાઈને મદદ કરવા બોલાવ્યા હતા. યુવતીએ અધિકારીને મુંબઈની ટાટા મેમોરીયલ હોસ્પિટલનો બોગસ લેટર બતાવ્યો હતો. જેમાં લખ્યું હતું કે યુવતીના પિતાને ગળાનું કેન્સર છે અને તેની સારવાર થઈ શકે તેમ છે પરંતુ તે માટે રૂ. ૪.૫૦ લાખ થશે. જે ભરપાઈ કરવા માટે યુવતી સક્ષમ નથી. આર્થિક મદદ કરવા વિનંતી કરતો પત્ર બતાવી ઈમોશનલ બનીને યુવતીએ દાન માંગ્યુ હતુ.

નરેન્દ્રભાઈ રાવલને અધિકારીએ મદદરૂપ બનવા કહ્યુ ત્યારે યુવતીને ઓળખી જઈ બહાર બેસાડી તેણીની ફાઈલ લીધી અને યુવતીને કહ્યુ કે તમે બહાર બેસો હુ સાહેબ જોડે વાત કરી લઉ કે કેટલુ દાન આપવું..! અંદર જઈને સાહેબને નરેન્દ્રભાઈએ વાત કરી કે ૧૮ વર્ષ પહેલા આ જ યુવતી મારી પાસે આવી હતી. અને મે તેને એક જ દિવસમાં અલગ અલગ વિભાગોમાં ફરીને રૂ. ૬૨,૮૦૦ ભેગા કરી આપ્યા હતા. ત્યારે પણ તેણે આ જ કારણ આપ્યુ હતુ અને તે વખતે આ યુવતીની છેતરપીંડી અંગે અખબારોમાં સમાચાર પ્રસિદ્ધ થયા હતા. તેથી તેને પોલીસને સોંપવી જરૂરી છે જેથી અન્ય અધિકારી કર્મચારીઓ છેતરાય નહી. ચર્ચા બાદ બહાર જઈને જોયુ તો ચાલાક યુવતી સરકી ચુકી હતી. ઓરીજનલ ફાઈલ ત્યાં જ મુકીને યુવતી ગાયબ થઈ ગઈ હતી.

આ ફાઈલમાં દાતાઓના નામ જોયા તો અલગ અલગ જિલ્લાઓમાંથી ૨૭ જેટલા વિવિધ વિભાગોની કચેરીઓના ૨૫૧ અધિકારી કર્મચારીઓને તેણે છેતર્યા હોવાનું ધ્યાને આવ્યુ છે. દાનની રકમનું ટોટલ કરતા અધધ... રૂ. ૨,૮૪,૨૫૦ જેટલી મોટી રકમ થાય છે. ઈમોશનલ સ્ટોરી બનાવીને સરકારી કચેરીઓમાં ફરીને અધિકારીઓને ખંખેરતી યુવતીનો ૧૮ વર્ષ પહેલા તેણીની સ્ટોરીનો ભોગ બની ચુકેલા કર્મચારી નરેન્દ્રભાઈ રાવલે ભાંડો ફોડી નાંખતા અન્ય અધિકારીઓ છેતરપીંડીનો ભોગ બનતા બચી ગયા છે..!



BINA ARTS/15.000/10-2000

TATA MEMORIAL HOSPITAL
(TATA MEMORIAL CENTRE)
DEPARTMENT OF RADIODIAGNOSIS
DEPARTMENT OF PATHOLOGY
EMERGENCY LABORATORY SERVICES
Dr. Erinest Borges Road, Parel, MUMBAI-400012.
Telex : 01173649 ☏ : 4146760 (6 Lines) Fax : 4146937
Dr. SULTAN A. PRADHAN Mch. (Cancer Surgeon)

℞ Date

Date: 03-10-2015

Respected Brother and Sister,

The Lady came to your place named **Miss. Aratiben Vinubhai Raval** whose father is facing a curable disease of Throat Cancer be needs urgently to get operated at Bombay, Tata Memorial Hospital. His operation cost is approximate Rs. Four lacs fifty thousand only. Now he is not having much money on his hand and also not having social background to get help from their family. So we request you all brothers and sisters, to help him much as possible.

Tata Memorial Hospital
Dr. Ernest Borges Road,
Parel, MUMBAI-400012.
Telex : 01173649 TMCIN 4146760 (5 Lines)
Fax : 4146937
Dr. Sultan A. Pradhan M.Ch. (Cancer Surgeon)

❖ CONSULTING TIME ❖
8-00 A.M. to 12-00 P.M. 5-00 P.M. to 7-00 P.M.

### ગાંધીનગરના કેટલા વિભાગોમાં આ યુવતીએ અધિકારીઓને છેતર્યા..?

ગાંધીનગર જિલ્લાની સંખ્યાબંધ કચેરીઓમાં આ યુવતી ફરી ચુકી છે. વિકસતી જાતી કલ્યાણ વિભાગ, આરોગ્ય અને તબીબી સેવાઓના કમિશ્નરની કચેરી, એફ.ડી.સી.એ હેડ કવાર્ટર ગાંધીનગર, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગર, ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગ, ચીફ ટાઉન પ્લાનર ઓફીસ, જિલ્લા પુરવઠા અધિકારી કચેરી, કલેક્ટર કચેરી સહિતની વિવિધ ગાંધીનગરની કચેરીઓ ઉપરાંત અમદાવાદ, વડોદરા, બનાસકાંઠા, પાલનપુર, આણંદ, મહેસાણા સહિતના જિલ્લાઓની કચેરીઓમાંથી પણ ઉઘરાણા કર્યા હોવાનું ધ્યાને આવ્યું છે.

## શ્રીમતી એમ.બી. પટેલ શાળામાં કવીઝ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ કન્યા પ્રાથમિક શાળામાં સોમવારના રોજ શાળામાં ચાલતી સહઅભ્યાસ પ્રવૃત્તિ અંતર્ગત સામાજિક વિજ્ઞાન વિષયક કવીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓમાંથી પસંદગી કરેલ પાંચ ટીમ બનાવવામાં આવી હતી અને દરેક ટીમને વિષય વસ્તુ, સામાન્ય જ્ઞાન, ફોટો ઓળખ જેવા રાઉન્ડનું આયોજન કરીને સ્પર્ધાને રસિક બનાવવાનો સતત પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સમગ્ર સ્પર્ધાનું માર્ગદર્શન શાળાના સુપરવાઈઝર ભગવતીબેન પટેલે આપ્યું હતું. સ્પર્ધાનું આયોજન શાળાના સામાજિક વિજ્ઞાન વિષય શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું. કવીઝનું સંચાલન જયશ્રીબેન પટેલે કર્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા ટીમ 'નર્મદા'ની જાહેરાત નિર્ણાયક પ્રવિણભાઈ પટેલે કર્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન જે. પટેલે તમામ વિદ્યાર્થીની બહેનોને જનરલ નોલેજનો વધારો થાય તેવા પુસ્તકોના વાંચન માટે લાયબ્રેરીનો ઉપયોગ કરવાની ભલામણ કરી હતી.

## ગાંધીનગર કોંગ્રેસ એસ.ટી. સેલ સમિતિ દ્વારા યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ એસ.ટી. સેલ સમિતિ દ્વારા સ્નેહમિલનમાં અધ્યક્ષસ્થાને શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિકભાઈ શાહ, ઉદઘાટક સ્થાને ગુજરાત પ્રદેશ એસ.ટી. સેલ ચેરમેન શ્રી અનિલભાઈ જોષીયારા (ભિલોડા ધારાસભ્ય) તથા ગાંધીનગર શહેર નિરીક્ષક હિંમતસિંહ પટેલ, માયાબેન દવે, પ્રદેશ પ્રવકતા મહામંત્રીશ્રી નિશિતભાઈ વ્યાસ, પ્રદેશ પ્રવકતા ડૉ. હિમાંશુભાઈ પટેલ તથા જયદીપસિંહ ઠાકોર, અંકિત બારોટ, મનપાના વિપક્ષ નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, અરવલ્લી જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી રાજુભાઈ પારગી, અરવલ્લી જિલ્લા સદસ્ય શ્રીમતી મંજુલાબેન પાંડોર, લાલજીભાઈ બોડાત, ગાંધીનગર જિલ્લા પંચાયતના સભ્યશ્રી જે.ડી. ચારેલ, મ.ન.પ. કોર્પોરેટરશ્રી નામદેવ વર્શાત, પૂર્વ પ્રમુખ શ્રી વિક્રમસિંહ ખાચર તથા શ્રી મુકેશભાઈ પટેલ વગેરેએ હાજરી આપી હતી.

મહાનુભાવોના પ્રવચનમાં આદિવાસી માટેના કાર્યો તથા સંસ્કૃતિ વિશે ચર્ચાઓ તથા સરકાર આદિવાસીઓને પછાત અને અન્યાય કરી રહી છે તેના પર પ્રહારો અને ચર્ચા વિચારણા કરાઈ હતી. કાર્યક્રમમાં સંસ્કૃતિ ઢોલ-કુડી તથા તિરકામઠાનું પ્રદર્શન કરી કાર્યક્રમને રંગીન બનાવાયો હતો. સર્વે મહાનુભાવોનો આભાર શહેર કોંગ્રેસ એસ.ટી. સેલના ચેરમેન વિનોદ એસ. મેણાતે માન્યો હતો.

## પર્યાવરણ જાગૃતિ અંગે ખેડૂતોને માર્ગદર્શન અપાયું

ગાંધીનગર, તા. ૨૪

વન અને પર્યાવરણ મંત્રાલય અંતર્ગત વિકસત નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ અમદાવાદ અને શ્રી સ્વામી વિવેકાનંદ ફાઉન્ડેશનના સહયોગથી 'રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન-૨૦૧૪-૧૫' અંતર્ગત 'રણીકરણ, જમીન ધોવાણ અને દુષ્કાળ સામે પ્રતિકાર' અંગે સેમિનાર યોજવામાં આવ્યો હતો. એસ.એમ. વાઘેલા ફીલ્ડ સુપરવાઈઝર જી.એલ.ડી.સી.ના અધિકારીએ જમીન ધોવાણ અટકાવવા કયા પગલાં લેવા તમજ દુષ્કાળ સામે કેવી રીતે ટકી રહેવું તેની વિગતે જાણકારી આપી હતી જેમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજર રહી જમીન ધોવાણ અટકાવવા માટે માર્ગદર્શન મેળવ્યું હતું.

પર્યાવરણ બચાવ માટે દુષ્કાળ સામે કેવી રીતે ટકી રહેવું તેની જાણકારી પણ આપવામાં આવી હતી. સંસ્થા દ્વારા દશેલા, લવારપુર અને મહાદેવપુરા ખાતે 'રાષ્ટ્રીય પર્યાવરણ જાગૃતિ અભિયાન' માટેના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.

## નવા સચિવાલયમાં પ્રવેશ લેતી કારમાંથી દારૂની બોટલ મળી

ગાંધીનગર, તા. ૨૪

નવા સચિવાલયના પ્રવેશ ગેટ નં. ૪માંથી ગઈ બપોરે ચેકીંગ દરમિયાન એક મહીન્દ્રા એકસ.યુ.વી. ગાડીમાંથી દારૂની અડધી બોટલ મળી આવી હતી. ગ્રીન લેબલ દારૂની અડધી બોટલ સાથે નવા સચિવાલયમાં પ્રવેશ લેતી ગાડી નં. જીજે ૧૮ બી.એ. ૩૪૩૫માંથી બોટલ સાથે સેકટર-૪ ડીમાં રહેતા કમલેશ દશરથ પટેલ, રાજસ્થાનનાં મહેન્દ્ર ધારૂ રાઠવા અને છોટા ઉદેપુરના કલસિંહ રાઠવા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી સુરક્ષા જવાનોએ સે-૭ પોલીસને હવાલે કરતા પીએસઆઈ ચૌધરીએ ગુનો નોંધી તપાસ શરુ છે.

## કેન્સર એન્ડ રિસર્ચમાં પથારીની ક્ષમતા વધશે

અમદાવાદની કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં રાજય અને રાજય બહારના દર્દીઓનો ધસારો જોતાં આ સંસ્થાની ૬૦૦ બેડની કેપેસીટી છે તે વધારીને ૧૦૦૦ની કરાશે એમ રાજય મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું છે. આ ઈન્સ્ટિટ્યુટને અદ્યતન સુવિધાઓની સજ્જ બનાવવા રાજય સરકાર કટિબદ્ધ છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનું આયોજન સેક્ટર-૧૭ ગોપી મંડળ દ્વારા સેક્ટર-૧૭ શોપીંગ સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે. તારીખ ૨૨ ફેબ્રુઆરીથી શરૂ થયેલ આ ભાગવત સપ્તાહના વ્યાસપીઠે પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રીજી મહારાજના આશીર્વચનનો સૌ ભક્તજનોએ લાભ લીધો હતો.

## ચિલોડા-નરોડા માર્ગ પર માર્ગ સલામતીને અનુલક્ષી યોગ્ય પગલા લેવા કલેકટરની તાકીદ

### ગત સપ્તાહ દરમિયાન ગંભીર અકસ્માતના અંતે સ્થળ નિરિક્ષણ કરી નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓને સુચના આપી

ગાંધીનગર તા ૨૪

ચિલોડા નરોડા માર્ગ પર ગત સપ્તાહ દરમિયાન બે ફેટલ અકસ્માત થતા જિલ્લામાં માર્ગ સલામતીની વ્યવસ્થામાં છીંડા હોવાનુ સ્પષ્ટ થયુ છે. અકસ્માતના બનાવના પગલે જિલ્લા કલેકટર તેમજ પોલીસ વડાએ સ્થળ મુલાકાત લઈ નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓને આ રૂટમાં માર્ગસલામતીને અનુલક્ષી જરૂરી પગલા લેવા ત્વરિત કાર્યવાહી હાથ ધરવા માટે સુચના આપવામાં આવી છે. આ માર્ગને સિકસલેન બનાવવા કેન્દ્રીયમંત્રી દ્વારા મંજુરી આપવામાં આવી છે. ત્યારે હાલની સ્થિતિએ અકસ્માતો ન થાય તે માટે સલામતીના દ્રષ્ટીકોણને ધ્યાને લઈ કાર્યવાહી કરવા કડક તાકીદ કરવામાં આવી છે.

ચિલોડા નરોડા માર્ગ પર છેલ્લા ઘણાં સમયથી માર્ગ સલામતી જોખમાઈ હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે ચિલોડા સર્કલ વિસ્તારમાં પણ રોજબરોજ નાના મોટા અકસ્માતો થતા માર્ગ સલામતીના નામે મીંડુ ચિતરાયુ છે. એકબાજુ જિલ્લામાં માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળોને અનુલક્ષી હેલ્મેટ ફરજિયાત કરવા ઉપરાંત ટ્રાફિક નિયમનના અમલ માટે કડક રીતે દંડ વસુલી કરવામાં આવી રહી છે. ફેટલ અકસ્માતો અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા નિયમનના કડક અમલ માટે પગલા લેવાઈ રહયા છે. બીજીતરફ ચિલોડા નરોડા માર્ગ પર ગત સપ્તાહમાં બે ફેટલ અકસ્માત થતા તંત્રમાં પણ આ રૂટની માર્ગ સલામતીને અનુલક્ષી ચિંતાનુ મોજુ પ્રવર્તયુ છે. અકસ્માતના બનાવ બાદ જિલ્લા કલેકટર તેમજ જિલ્લા પોલીસ વડાએ સ્થળ પર પહોંચી માર્ગ સલામતીની દ્રષ્ટીએ સ્પોટ નિરિક્ષણ કર્યુહતુ. આ દરમિયાન નેશનલ હાઈવે ઓથોરીટીના અધિકારીઓને જરૂરી પગલા લેવા માટે પણ કલેકટરે તાકીદ કરી હતી.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર જિલ્લામાં તાલિમ પામેલ તલાટીઓની પરીક્ષાનો આજથી સાદરા તાલિમ કેન્દ્ર ખાતે પ્રારંભ થયો છે. બે દિવસ આ પરીક્ષાઓ ચાલશે.

● ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરને દવાનું રિએક્શન આવતાં તબિયત નાદુરસ્ત બની છે.

● ગાંધીનગર મહાનગર પાલિકાના કાઉન્સીલરોએ કરેલ કામગીરી અને તેમને ચુકવવામાં આવેલ ભથ્થા સહિતની આર.ટી.આઈ.માં વિગતો માંગવામાં આવી છે.

● ગુજરાત વિધાનસભામાં પ્રવેશના નિયમોનું કડકાઈથી અમલીકરણ કરવામાં આવતા પ્રવેશ મેળવવામાં ભારે તકલીફો પડતી હોવાની વાતો લોકજીભે થવા લાગી છે.

● આજે આરોગ્ય વિભાગ દ્વારા વિભાગીય સ્તરની બેઠકમાં બાળમરણ અંગે વિશેષ સમીક્ષા અને ચિંતન કરવામાં આવનાર છે.

● ગાંધીનગર મહાનગર પાલિકા નાયબ મ્યુનિ. કમિશ્નર શ્રી બારૈયા આજે શહેરમાં સ્વચ્છતાની ચાલી રહેલી કામગીરીને જોવા રાઉન્ડમાં નીકળ્યા હતા. ડ્રાયવરોની ગેરહાજરીને લઈ તેઓ ચોંકી ઉઠ્યા હતા. મસ્ટરમાં સહિ કર્યા પછી પણ ડ્રાયવરો ફરજ પર દેખાયા ન હતા.

● જિલ્લા પંચાયતની ચાર સમિતિઓના ચેરમેનોની શુક્રવારે થનારી નિયુક્તીને લઈ પંચાયતમાં રાજકીય ઉત્તેજના જોવા મળી રહી છે.

## દહેગામમાં પતિએ પત્નિને માથે કુહાડી મારીને હત્યા કરી

દહેગામ શહેરમાં સ્થિત રેલવે સ્ટેશન રોડ પર આવેલી નટુકાકાની ચાલીમાં રહેતા શારદાબેન મારવાડીએ પતિ વજાજી મારવાડી પાસેથી પૈસા માંગ્યા હતા. આ મામલે ઉગ્ર બોલાચાલી બાદ ઉશ્કેરાઈ ગયેલા પતિએ પત્નિને માથે ધારદાર કુહાડી મારી ધીધી હતી. ગંભીર રીતે ઘાયલ થયેલી પત્નિને તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તેણીનું મૃત્યુ નિપજ્યુંહતુ. દહેગામ પોલીસે પતિ સામે હત્યાનો ગુનો દાખલ કરીને પી.આઈ. ભરત પટેલે તપાસ શરૂ કરી છે.

## એલડીઆરપી ખાતે ઈસરોના ચેરમેનનુ વક્તવ્ય

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાલય દ્વારા તા. ૨૬મી ફેબ્રુઆરીથી 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ લેક્ચર સિરીઝ'નો પ્રારંભ કરાઈ રહ્યો છે. આ લેક્ચર સિરીઝનું પ્રથમ વક્તવ્ય તા. ૨૬મી ફેબ્રુઆરીએ સવારે ૧૦ કલાકે સે. ૧૫માં એલડીઆરપી કોલેજના કોન્ફરન્સ હોલ ખાતે યોજાશે. જેમાં ઈસરોના ચેરમેન પદ્નશ્રી ડૉ. એ. એસ. કિરણકુમાર 'અવકાશ વિજ્ઞાનમાં ભારત' વિષયે વ્યાખ્યાન આપશે. માણેકલાલ પટેલ મેમોરિયલ લેક્ચર સિરીઝ અંતર્ગત વિવિધ વિષયના નિષ્ણાંતો દ્વારા વ્યાખ્યાનો યોજાશે.

# શુક્રવારે પોલીસ તંત્રની કસોટી.!!!

**પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના આગમનના પગલે સુરક્ષા મામલે પોલીસતંત્ર અવઢવમાં : બંને મહાનુભાવોને એસપીજી સુરક્ષા હોવાથી વિશેષ કાળજી લેવા તંત્ર હરકતમાં**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરમાં તા. ૨૭મી ફેબ્રુઆરીએ બબ્બે વીવીઆઈપી મહેમાનો પધારવાના હોવાના કારણે પોલીસતંત્ર સલામતી વ્યવસ્થા કેવી રીતે ગોઠવવી તે અંગે મથામણમાં લાગ્યુ છે. આ બે વીવીઆઈપી મહાનુભાવોમાં પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ તથા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો સમાવેશ થાય છે. બંને મહાનુભાવોને એસ.પી.જી. સુરક્ષા કવચ હોવાથી અને બંનેના આગમનનો સમય અને રૂટ લગભગ સરખા હોવાથી પોલીસતંત્ર ભારે અવઢવમાં મુકાવા પામ્યુ છે.

શુક્રવારે ખ-૭ સર્કલ નજીક સમર્પણ એજ્યુકેશન કેમ્પસના નવનિર્મિત સંકુલમાં તકતીના અનાવરણ પ્રસંગે ભારતના પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ પધારી રહ્યાં છે. બરાબર આજ દિવસે કોબા રોડ પરના પ્રેક્ષાભારતી નજીક ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ નજીક ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ તેમના અભિવાદન સમારોહ પ્રસંગે પધારી રહ્યાં છે. બંને મહાનુભાવોને કેન્દ્ર સરકાર દ્વારા એસપીજી કમાન્ડોની સુરક્ષા આપવામાં આવે છે. એસપીજી સુરક્ષા હેઠળ વીવીઆઈપી મહાનુભાવ જ્યાં જવાના હોય ત્યાં અગાઉથી ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાની જવાબદારી જે તે વિસ્તારના પોલીસતંત્રના સીરે રહેતી હોય છે. ડૉ. મનમોહનસિંહ એરપોર્ટ થઈ વાયા કોબા રોડ થઈને સમારંભ સ્થળે જવાના છે. લગભગ આ સમયગાળામાં જ કમલમ્ ખાતે અમિત શાહનો અભિવાદન સમારોહ પણ યોજાશે. આ સમારોહમાં નવનિર્વાચિન પ્રદેશ અધ્યક્ષ વિજય રૂપાણી સહિત આશરે પંદરથી સત્તર હજાર ભાજપના કાર્યકરો પણ ઉપસ્થિત રહેવાના છે. આ કારણે સુરક્ષા વ્યવસ્થા કેવી ગોઠવવી તે અંગે પોલીસતંત્ર ભારે અવઢવમાં મુકાયું છે. અને પોલીસ અધિકારીઓ દ્વારા વિવિધ બેઠકોનો દોર યોજવામાં આવી રહ્યો છે.